# પેન્શનર્સ પ્રકાશ

સપ્ટેમ્બર-૨૦૨૬


Dear Friends,

## A Life Saved May Be the Greatest Service We Can Render

**10 September is observed across the world as World Suicide Prevention Day, while the entire month of September is observed as Suicide Prevention Month.** It is an occasion not merely to talk about suicide, but to remind ourselves that sometimes a little understanding, a little patience and a simple willingness to listen can make the difference between despair and hope—and, in some cases, between life and death.

As members of the **State Bank of India Pensioners' Association (SBIPA)**, most of us may not have formal training in psychology or counselling. But we possess something equally valuable: **decades of experience in dealing with people.** During our long careers, we have interacted with colleagues, customers, subordinates, seniors, friends and families. We have learnt to read emotions, understand human behaviour and, often, sense when something is not quite right.

Our second innings of life may have brought us greater peace, freedom and stability. But life is not equally easy for everyone. The younger generation, in particular, carries multiple responsibilities—towards ageing parents, children, careers, financial commitments, relationships and an increasingly demanding world. What may appear to one person as a manageable setback can feel overwhelming to another. **Each person's capacity to absorb stress, disappointment and emotional shocks is different.**

Sometimes prolonged stress can result in anxiety, depression, hopelessness and, in extreme situations, thoughts of ending one's life. The tragedy is that those around the person may remain unaware until it is too late.

### Can we recognise the warning signs?

We do not need to diagnose anyone. We only need to **notice, care and reach out**. Some possible warning signs are:

**1. Changes in behaviour and personality**

- Becoming unusually withdrawn, silent or isolated.
- Losing interest in activities, people or things that earlier brought joy.
- Sudden changes in mood—persistent sadness, irritability, anger or emotional numbness.
- Neglecting personal appearance, work or normal daily routines.
- A noticeable change in sleep or eating patterns.

**2. Emotional and verbal signals**

- Repeatedly expressing feelings of hopelessness, helplessness, worthlessness or being a burden to others.
- Saying things such as *"There is no point in living," "I cannot take this anymore,"* or *"Everyone would be better off without me."*
- Talking about death, suicide or wanting to disappear—even if it is said casually or indirectly.
- Showing unusual anxiety, agitation, guilt or despair.
- Giving away possessions or suddenly putting personal affairs in order without an obvious reason.

These signs do **not automatically mean that a person is suicidal**. But when several such changes occur together, particularly when they are sudden or persistent, they should not be ignored.

### What can we do?

Perhaps the most important thing we can do is **to listen**.

We need not offer a lecture, prescribe a solution or tell the person to "be positive". We should not dismiss their feelings by saying, *"Everyone has problems,"* or *"You are overthinking."* What may seem small to us may be an enormous burden for someone else.

Instead, we can simply say:


વર્ષ-૧૯ • અંક : ૦૯
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫


Scanned with OKEN Scanner

**"I have noticed that you don't seem to be yourself lately. Is everything all right? If you wish to talk, I am here to listen."**

Listen patiently. Do not judge. Do not interrupt unnecessarily. Do not trivialise the person's problem. Sometimes a person in emotional distress does not immediately need an answer; **he or she needs someone who is willing to hear them without judgement.**

If someone talks about suicide or appears to be in immediate danger, **take it seriously. Do not leave the person alone and seek professional or emergency help immediately.** In an immediate emergency, 1091 suside prevantion help line no 912987821 may be contacted for emergency assistance.

**Help is only a phone call away**

We should encourage a person in emotional distress to speak with trained professionals who can provide confidential, non-judgemental support and, where necessary, connect them with appropriate mental-health services.

**Saath – Suicide Prevention Centre, Ahmedabad**

Phone : **079-26305544 / 079-26300222**

**1:00 p.m. to 7:00 p.m.**

**JeevanAastha Helpline – Gujarat Police**

Phone **1800-233-3330**

**24×7, toll-free**. It provides counselling and support for mental-health concerns and suicidal behaviour.

**Tele-MANAS – Government of India**

Phone **: 14416 / 1800-89-14416**

**24×7, toll-free national mental-health support.**

**Let us make a difference**

As pensioners, we may no longer be responsible for running a bank branch, managing a department or meeting professional targets. But our experience has given us another responsibility—the responsibility of **being there for fellow human beings**.

We have seen people go through financial difficulties, professional setbacks, family problems, illness, bereavement and countless other challenges. We have also seen that **no difficult phase lasts forever**.

Perhaps, therefore, during this Suicide Prevention Month, each one of us can make a simple resolve:

**• We will notice • We will ask • We will listen**

**• We will not judge**

**• We will connect the person to professional help when needed**

We may never know how much our few minutes of attention meant to someone.

But if, because we cared enough to ask *"Are you all right?"*, a person finds the courage to face another day, **we may have rendered one of the greatest services that a human being can render to another.**

**Let us be the reason someone chooses hope over despair, and life over giving up.**

**- Kamal Kadri, Editor**

---

**પ્રિય મિત્રો,**

## એક જીવન બચાવવું એ સર્વોત્તમ સેવા બજાવવા બરાબર છે

**૧૦ સપ્ટેમ્બરના દિવસે સમગ્ર વિશ્વમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (વર્લ્ડ સુસાઈડ પ્રિવેન્શન ડે) તરીકે ઉજવાય છે.** સમગ્ર સપ્ટેમ્બર મહિનો આત્મહત્યા નિવારણ માસ તરીકે ઉજવાય છે કે ક્યારેક થોડી સમજણ, થોડી ધીરજ અને કોઈની વાત સાંભળવાની સરળ તૈયારી પણ નિરાશા અને આશા વચ્ચેનો તફાવત દૂર કરી શકે છે - અને કેટલાક કિસ્સાઓમાં તો જીવન અને મૃત્યુ વચ્ચેનો પણ.

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસિએશન (એસબીઆઈપીએ)**ના સભ્યો તરીકે આપણામાંથી મોટા ભાગના સભ્યોએ મનોવિજ્ઞાન કે, વિમર્સ (કાઉન્સેલિંગ)ની ઔપચારિક તાલીમ કદાચ ન લીધી હોય, પરંતુ આપણી પાસે એટલી જ મહત્વની બાબત છે; લોકો સાથે વ્યવહાર કરવાનો દાયકાઓનો અનુભવ.

આપણાં લાબાં સેવાકાળ દરમિયાન આપણે સહકર્મચારીઓ, ગ્રાહકો, જુનિયર સહયોગીઓ, વરિષ્ઠ અધિકારીઓ, મિત્રો અને પરિવારજનો સાથે સતત સંપર્કમાં રહ્યા છીએ.

જીવનની આપણી આ બીજી ઈનિંગ્સ કદાચ આપણા માટે વધુ શાંતિ, સ્વતંત્રતા અને સ્થિરતા લઈને આવી છે. પરંતુ દરેક વ્યક્તિનું જીવન એટલું સરળ નથી હોતું. ખાસ કરીને નવી પેઢી અનેક જવાબદારીઓનું ભારણ વહન કરી રહી છે- વૃદ્ધ માતા-

પિતાની જવાબદારી, બાળકોનું ભવિષ્ય, કારકિર્દી, આર્થિક જવાબદારીઓ, સંબંધો અને સતત વધુ પડતી અપેક્ષાઓ ધરાવતી સમાજજીવનની શૈલી.

એક વ્યક્તિ માટે જે બાબત સહેલાઈથી પાર કરી શકાય તેવી નાની મુશ્કેલી હોય, તે જ બીજી વ્યક્તિ માટે અસહ્ય બની શકે છે. **તણાવ, નિરાશા અને ભાવનાત્મક આઘાતને સહન કરવાની દરેક વ્યક્તિની ક્ષમતા અને ધીરજ અલગ અલગ હોય છે.**

ક્યારેક લાબાં સમય સુધી ચાલતો તણાવ ચિંતા, નિરાશા અંતે અત્યંત ગંભીર પરિસ્થિતિમાં જીવન ટૂંકાવી દેવાના વિચારો તરફ દોરી શકે છે. દુઃખદ બાબત એ છે કે આસપાસના લોકોને ઘણી વખત આ પરિસ્થિતિનો ખ્યાલ આવે ત્યાં સધુીમાં તો ઘણું મોડું થઈ ગયું હોય.

## શું આપણે ચેતવણીના સંકેતો ઓળખી શકીએ?

કોઈ વ્યક્તિનું નિદાન કરવું આપણી જવાબદારી નથી. આપણે માત્ર ધ્યાન આપવાનું, કાળજી રાખવાનું અને તેની પાસે પહોંચવાનું છે.

### કેટલાક સંભવિત ચેતવણીના સંકેતો આ પ્રમાણે છે :

### ૧. વર્તન અને વ્યક્તિત્વમાં ફેરફાર જેવા કે :

- સામાન્ય માણસ કરતાં અસામાન્ય રીતે અંતર્મુખ, મૌન અથવા એકલતા અનુભવવી.
- આનંદ આપતી પ્રવૃત્તિઓ, વ્યક્તિઓ કે એ બાબતોમાં ધીરજ ગુમાવી દેવી.
- સ્વભાવમાં અચાનક ફેરફાર - સતત ઉદાસીનતા, ચીડિયાપણું, ગુસ્સો અથવા લાગણીશૂન્યતા.
- પોતાના દેખાવ, કામકાજ અથવા રોજિંદા જીવનની સામાન્ય દિનચર્યાની અવગણના કરવી.
- ઊંઘ અથવા ખાવા-પીવાની રીતમાં નોંધપાત્ર ફેરફાર.

### ૨. ભાવનાત્મક અને વાણી દ્વારા મળતા સંકેતો જેવા કેઃ

- વારંવાર નિરાશા, લાચારી, પોતાને નકામા ગણવાની લાગણી અથવા "હું બીજાઓ માટે બોજ છું" જેવી લાગણીઓ વ્યક્ત કરવી.
- "જીવવામાં હવે કોઈ અર્થ નથી", "હું હવે આ સહન કરી શકતો નથી" અથવા "મારા વગર બધાં વધુ સારાં રહેશે" જેવી વાતો કરવી.
- મૃત્યુ, આત્મહત્યા અથવા અલિપ્ત રહેવાની ઇચ્છા વિશે વાત કરવી - કદાચ જો તે વાત મજાકમાં કે આડકતરી રીતે અથવા સામાન્ય રીતે કરવામાં આવી હોય.
- અસામાન્ય ચિંતા, બેચેની, અપરાધભાવ અથવા નિરાશાના લક્ષણો દેખાવા.
- કોઈ સ્પષ્ટ કારણ વિના પોતાની વસ્તુઓ બીજાને આપી દેવી અથવા અચાનક પોતાના અંગત કામકાજ અને બાબતો વ્યવસ્થિત કરવા લાગવું.

આ પૈકીના કોઈ એક સંકેતનો અર્થ આપોઆપ એવો નથી કે આત્મહત્યાના વિચારો ધરાવે છે. પરંતુ જ્યારે આવા અનેક ફેરફારો કે લક્ષણો એક સાથે કોઈ વ્યક્તિમાં જોવા મળે - ખાસ કરીને તે અચાનક અથવા સતત જોવા મળતા હોય ત્યારે તેને અવગણવા જોઈએ નહીં.

## આપણે શું કરી શકીએ?

કદાચ આપણે કરી શકીએ તેવી સૌથી મહત્વની બાબત છે- પૂરા ધ્યાનથી સાંભળવું.

આપણે કોઈ લાંબું પ્રવચન આપવાની, ઉકેલ સૂચવવાની કે "હકારાત્મક વિચારો" એમ કહેવાની જરૂર નથી.

"દરેકને સમસ્યાઓ હોય છે" અથવા "તમે વધારે વિચારો છો" એમ કહીને તેની લાગણીઓને હળવાશથી પણ ન લેવી જોઈએ.

આપણા માટે જે બાબત નાની હોય, તે કોઈ બીજા માટે અત્યંત મોટો બોજ હોઈ શકે છે.

### તેના બદલે આપણે સરળતાથી એટલું કહી શકીએ :

"હમણાં થોડા સમયથી મને લાગે છે કે તમે પહેલા જેવા નથી લાગતા. બધું બરાબર તો છે ને? જો તમારે વાત કરવી હોય તો તમારી વાત સાંભળવામાં મને વાંધો નથી."

ધીરજપૂર્વક સાંભળો.

ન્યાયકર્તા ન બનો.

વચ્ચે અનાવશ્યક રીતે મૂંઝાયેલ વ્યક્તિને અટકાવશો નહીં.

### વ્યક્તિની સમસ્યાને નાની કે ક્ષુલ્લક ન ગણો.

દરેક ભાવનાત્મક મુશ્કેલીમાંથી પસાર થતી વ્યક્તિને તરત કોઈ જવાબદારની જરૂર હોતી નથી. તેને માત્ર એવી વ્યક્તિની જરૂર હોય છે જે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ કે નિર્ણય વિના તેની વાત સાંભળવા તૈયાર હોય અને પોતાની નાની મુંઝવણ કે દ્વિધાને મુક્ત મને કહી માનસિક રીતે હળવાશ અનુભવી શકે.

જો કોઈ વ્યક્તિ આત્મહત્યા વિશે વાત કરે અથવા તે તાત્કાલિક જોખમમાં હોય તેમ જણાય, તો તેની વાતને ગંભીરતાથી લો. તેને એકલા ન છોડી અને તાત્કાલિક વ્યાવસાયિક / સંસ્થા અથવા કટોકટીની સેવાની મદદ મેળવો.

તાત્કાલિક કટોકટીની સ્થિતિમાં પોલિસની ૧૦૯૧ આપઘાત નિવારણ હેલ્પ લાઈન ૯૧૫૨૯૮૭૮૨૧ નંબરની સેવા સહાય પર સંપર્ક કરી શકાય છે.

મદદ માત્ર એક ફોન કોલ જેટલી દૂર છે.

Scanned with OKEN Scanner

ભાવનાત્મક મુશ્કેલીમાંથી પસાર થતી વ્યક્તિને અનુભવી નિષ્ણાંતો સાથે વાત કરવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ. આવા નિષ્ણાંતો ગોપનીયતા જાળવીને, કોઈ પણ પ્રકારનો નિર્ણય કર્યા વિના જરૂરી પરામર્શ સાથે સહાય પૂરી પાડી શકે છે અને જરૂર જણાય તો યોગ્ય માનસિક આરોગ્ય સેવાઓ સાથે સંપર્ક અને સંકલન કરાવી શકે છે. અમદાવાદ સ્થિત આવી કેટલીક સંસ્થાઓનો ઉલ્લેખ ઉચિત ગણાશે.

**Saath – Suicide Prevention Centre, Ahmedabad**

Phone : **079-26305544 / 079-26300222**

**બપોરે : 1:00 p.m.** થી સાંજે **7:00 p.m.** વાગ્યા સુધી.

**JeevanAastha Helpline – Gujarat Police**

Phone: **1800-233-3330**

**24×7, toll-free**. આ સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓ તથા આત્મહત્યાના વર્તન અંગે વિચારવિમર્શ (કાઉન્સેલિંગ) અને જરૂરી સહાય પૂરી પાડે છે.

**Tele-MANAS – Government of India**

Phone **: 14416 / 1800-89-14416**

**24×7 : ટોલ-ફ્રી રાષ્ટ્રીય માનસિક આરોગ્ય સહાય સેવા**

ચાલો, આપણે કોઈના જીવનમાં આવેલ હતાશા કે માનસિક તણાવને દૂર કરવામાં મદદરૂપ બનીએ.

પેન્શનર તરીકે હવે કદાચ આપણે બેંકની શાખા ચલાવતા નથી, કોઈ વિભાગનું સંચાલન કરવાનું નથી કે વ્યવસાયિક લક્ષ્યાંકો પૂરા કરવાની જવાબદારી ધરાવતા નથી. પરંતુ આપણા જીવનના અનુભવોએ આપણને એક બીજી જવાબદારી જરૂર આપી છે - સાથી મિત્રોની પડખે ઊભા રહેવાની જવાબદારી.

આપણે આપણા જીવનકાળમાં લોકોને આર્થિક મુશ્કેલીઓ, વ્યવસાયિક નિષ્ફળતાઓ, પારિવારિક સમસ્યાઓ, બિમારી, સ્વજનોના વિયોગ અને અસંખ્ય અન્ય પડકારોમાંથી પસાર થતા જોયા છે અને આપણે એ પણ જોયું છે કે કોઈ પણ મુશ્કેલ તબક્કો કાયમ માટે રહેતો નથી.

તેથી કદાચ આ આત્મહત્યા નિવારણ માસ દરમિયાન આપણે સૌ એક નાનો સંકલ્પ લઈ શકીએ :

● અમે ધ્યાન આપીશું ● અમે પૂછીશું ● અમે સાંભળીશું.

● અમે કોઈ ના ન્યાયકર્તા નહીં બનીએ.

જરૂર જણાય ત્યારે અમે વ્યક્તિને યોગ્ય વ્યાવસાયિક સહાય સાથે જોડીશું.

આપણી થોડી મિનિટોની કાળજી અને ધ્યાન કોઈ વ્યક્તિ માટે કેટલું મોટું મહત્વ ધરાવે છે, તેની કદાચ આપણને ક્યારેય ખબર પણ નહીં હોય.

પરંતુ જો માત્ર એટલા માટે કે આપણે કાળજીપૂર્વક પૂછીએ કે-

"તમે બરાબર છો ને?"

● કોઈ વ્યક્તિને વધુ એક દિવસનો સામનો કરવાની હિંમત મળે, તો કદાચ આપણે એક બીજા માટે કરી શકીએ તેવી સર્વોત્તમ સેવાઓમાંની એક સેવા બજાવી ગણાશે.

ચાલો, આપણે કોઈના જીવનમાં એવી આશાનું કારણ બનીએ કે તે નિરાશાને બદલે આશા પસંદ કરે અને હાર માની લેવાને બદલે જીવન પસંદ કરે.

જીવન અમૂલ્ય છે - ચાલો, તેને બચાવવા માટે આપણે સૌ સંવેદનશીલ બનીએ.

સૌ સંકલ્પિત બનીએ કે હતાશા, નકારાત્મકતા કે આપણી સામે નાની મોટી સમસ્યાઓ આવે તો નિકટતમ મિત્રો, કુટુંબીજનોની મદદ દ્વારા સમસ્યાનું સમાધાન મળે તેવું વિચારવું. નહીં કે ઈશ્વરે આપેલી જિંદગીને આટોપી લેવી.

સર્વને નવરાત્રીની શુભેચ્છાઓ સહ જગત જનની આપણા સૌ પરિવારજનોને સુખશાંતિ અને સ્વસ્થતા પ્રદાન કરે.

અસ્તુ. **કમાલ કાદરી-સંપાદક**

## અમદાવાદના આંગણે યોજાશે ગરબાનો ભવ્ય કાર્યક્રમ

એસબીઆઈપીએ-અમદાવાદ દ્વારા **તા. ૨૧-૧૦-૨૦૨૬**ના રોજ ભુદરપુરા કોમ્યુનિટી હોલ, આંબાવાડી, અમદાવાદ ખાતે દ્વિતિય ગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. અમદાવાદ પેન્શનર્સ મિત્રોને આ ગરબાનાં પ્રોગ્રામમાં સહભાગી થવા હાર્દિક નિમંત્રણ છે. કાર્યક્રમના પાસ **તા. ૧૨-૧૦-૨૦૨૬ થી ૧૯-૧૦-૨૦૨૬** સુધી આંબાવાડી, અમદાવાદ ઓફિસ ખાતેથી મળી શકશે.

**ટીમ-એસબીઆઈપીએ-અમદાવાદ**

Scanned with OKEN Scanner

**DR. DEVAL TRIVEDI**
(MDS Periodontist & Implantologist)

દાંત નુ દવાખાનુ



**All Dental Treatment & Facilites Are Available With 3D Oral Diagnosis and 3D Dental Scans**

SBI

Note: Free consultation and special discount on all the treatment for all SBI pensioners and their family members

**Address:** 9, Ground Floor, Primate Building, Opp. Mother Milk Palace, Judges Bunglow Road, Bodakdev

**Clinic Timing:** Monday to Saturday 10.00 a.m. 3.00 p.m. 5.00 p.m. - 9.00 p.m.

**Mobile : 9974367802**

---

Harshit Shah: 9978908869 Amrish Shah: 9327008653

**PIFCON SERVICES LLP**

AMFI Registered Mutual Fund Distributor | ARN: 161995

*Your Trusted Investment Partner Since 1981*

PIFCON SERVICES LLP SINCE 1981

**COMPLETE INVESTMENT SOLUTIONS UNDER ONE ROOF**

**Mutual Funds | Fixed Deposit | Insurance | Govt. Bonds | Gift City | NCD**

- 40+ Years of Investment Experience
- Trusted by Thousands of Investors
- Personalized Guidance for Every Investor

**Address:** G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad – 380009

**INVESTOR AWARENESS PROGRAM (IAP)**

Learn Smart Investing | SIP | Tax Planning
Wealth Creation | Retirement Planning

Interested? Call: 9978908869

**Office: 079 4007 1753 | 63599 31717**

---

***With Best Compliments from***

# *Dr. Manjit Sing Bhalla*

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta, Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:** +91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**

# નવી ટર્મ-૨૦૨૬-૨૯ની પ્રથમ કારોબારી કમિટીની મિટીંગ-ગાંધીનગર ખાતે યોજાઈ





હરિયાળીનગરી ગાંધીનગરના આંગણે નવી ટર્મ ૨૦૨૬-૨૯ની બિનહરિફ ચૂંટાયેલી એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનના ગાંધીનગર સર્કલની પ્રથમ કારોબારી સમિતિની મિટીંગ એસબીઆઈ ટ્રેનીંગ સેન્ટર ખાતે તા.૧૨-૦૯-૨૦૨૬ના રોજ યોજાઈ.

પરમ કૃપાળું પરમાત્માને યાદ કરી ૨૦૨૬-૨૯ની ટર્મ માટે આખીયે ટીમને બિનહરિફ ચૂંટાવા બદલ પરસ્પર અભિનંદન પાઠવવામાં આવ્યા. સભ્યોના અપ્રતિમ વિશ્વાસને બરકરાર રાખવા તેમજ સંસ્થાના વિકાસ અને સભ્યોનાં કલ્યાણ માટે સાથે મળીને કામ કરવાના સંકલ્પ સાથે મિટીંગની શરૂઆત થઈ. સૌ પ્રથમ તા. ૨૪-૦૫-૨૦૨૬ પછી દિવંગત થયેલા મહાનુભાવો, આપણા સભ્યો તથા તેમના સ્વજનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.




એસબીઆઈપીએનાં **પ્રમુખ શ્રી આર. એન. ચોકસી**એ સ્વાગત પ્રવચનમાં આજની નવી ટર્મની પ્રથમ કારોબારીમાં તમામ હોદ્દેદારો અને કમિટી સદસ્યોને શબ્દોથી આવકાર્યા. આપણા કાર્યોને એસબીઆઈનાં પેન્શનર્સ સુધી લઈ જવામાં આ કમિટી માટે અવિસ્મરણીય ક્ષણ ઊભી થાય તેના માટે કાર્ય કર્યું છે. ત્રણ વર્ષની અંદર નવી જ રીતે ડિજીટલ પ્લેટફોર્મ પર પેન્શનર્સની રજુઆત કરવામાં, ફેડરેશનમાં રજુઆત કરવામાં અથાગ પ્રયત્નો રહ્યા છે. હકારાત્મક વિચારો દ્વારા તંદુરસ્તમય રહી શકાય તેવી વાત કરી ઘણા સુધારા થયા છે. આપણી રજુઆતો કરી તેનાથી ૬૦% થી ૭૦% એચીવ કરી શક્યા છીએ. આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ ફેડરેશનની સ્મોલ કમિટીનાં મેમ્બર છે. મને વિશ્વાસ છે કે યુનિટી અને એકતા થકી સારૂં પરિણામ મળશે. આખીયે ટીમ બિનહરિફ થઈ તેમાં જેમણે ઉમેદવારી પાછી ખેંચી તેમનો આભાર વ્યક્ત કરૂં છું. ભૂતકાળમાં ઘણા પ્રયત્નો કરવા છતાંય આવું પરિણામ મળ્યું નહોતું. આ વખતે એક ઐતિહાસિક પરિણામ મળ્યું છે. એજીએમમાં ઉપસ્થિત રહેનારને ગિફ્ટ આપવાનો નવો ચિલો શરૂ કર્યો છે. તેનાથી પેન્શનર્સનો ઉમળકો વધ્યો છે. પહેલી મિટીંગ એટલે એક બીજાનો પરિચય, ટીમમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધે તે માટે દરેક એડમિનમાંથી મહિલાઓને લેવામાં આવે. નવી ટર્મમાં નવા કાર્યકરો આવ્યા છે નવા સભ્યોને આપણી વિચાર ધારાનો ખ્યાલ આવે અને હવે જે કાર્યો કરવાના છે તેનો પણ ખ્યાલ આવે. તેમને નોલેજ આપી શકાય. નિવૃત્તિ સાથે અને પછી જે કાર્યો કરવાના છે. તેની માહિતી મળી શકે. તેનું જ્ઞાન જ અગત્યનું છે. એક બીજા સાથે ભાતૃભાવ રાખવામાં આવે. આપણી એક્ટિવીટી વેલ્ફેરની છે. આપણો અભિગમ મેનેજમેન્ટ અને મેમ્બર સાથેનો સમન્વય સાધવાનો છે. ઘણાં બધાં પ્રશ્નો એવા છે કે લોકલ લેવલ પર સમાધાન થતું હોય છે. નવા સભ્યો બનાવવાનો પ્રયાસ વધું ઝુંબેશથી કરવાનો છે. એલએચઓ લેવલે કામ કરવા માટે સેક્રેટરી લેવલની પોસ્ટ ક્રિએટ કરવા વિચારવા જણાવ્યું. સર્વની સંમતિથી જ આ કાર્ય કરીશું. વડોદરાનાં ડીજીએસ શ્રી સુધીર જાની, વિનય મજમુદારે બનાવેલ પુસ્તિકાની વિગત આપી પુસ્તિકાના અનાવરણ જનરલ સેક્રેટરીના હસ્તે કરવામાં આવે તેમ જણાવી સ્વાગત પ્રવચન પૂર્ણ કર્યું.

નવી ટર્મની પ્રથમ મિટીંગમાં આવનાર ત્રણ વર્ષમાં સંસ્થાના વિકાસ અને સભ્યોના કલ્યાણના કાર્ય કરવા હેડક્વાર્ટર લેવલના હોદ્દેદારો દ્વારા આગામી ભવિષ્યની કામગીરી તેમજ લીધેલાં સંકલ્પ માટે રજુઆત કરવા તમામ હોદ્દેદારોને જણાવવા માં આવ્યું.




સૌ પ્રથમ એસોસિયેશનના **ઉપપ્રમુખશ્રી પી. જી. પારઘી**એ જણાવ્યું કે ગત ટર્મમાં ત્રણ વર્ષનો ગાળો પૂર્ણ કર્યા પછી વિચાર દોહનના અંતે જે અમૃત નીકળ્યું એના માટે ભેગા થયા છીએ. અહીં આવવામાં સઘન પ્રયાસો કર્યા. ગાંધીનગર સર્કલ મીરેકલ કરી શકે છે. ચૂંટાયેલા દરેક મેમ્બરોની જવાબદારી છે કે જે કોઈ સર્જન કર્યું છે એને આગળ લઈ જવાનું છે. જે કોઈ કો-ઓપ્શન આપણે કરીએ છીએ ત્યારે પ્રથમ ખ્યાલ રાખવો પડશે કે બંધારણે આપેલા હોદ્દાઓની ગરીમા જળવાય તેવા

Scanned with OKEN Scanner

નિર્ણયો કરવા પડશે. કામ કરવામાં મજા આવે કે ના આવે જવાબદારીમાં ક્યાંય પણ સમજુતી ન કરવી પડે. બિનહરીફ ટીમે યશ કલગીમાં પીંછું ઉમેર્યું છે. સુરત મુકામે અશ્વિન રાઠોડની ખબર પૂછીને ડીજીએમને મળી ઓફિસની જગ્યા વધારવી અને સ્ટ્રક્ચર મિટીંગ બાબતે ચર્ચા કરી. સૌને અભિનંદન આપી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.



**ચિંતક પટેલ :** તમામ હોદ્દેદારોને અભિનંદન આપીને વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચિંતક પટેલે જણાવ્યું કે આપણે સમયાંતરે મળતા રહીએ છીએ. ટીમ ગ્રાઉન્ડ લેવલે કામ કરે છે. હકારાત્મક સમજણ પ્રમાણે નવા કાર્યો ટીમ કરતી હોય છે નવી એલએચઓ-ગાંધીનગર આવતાં ગાંધીનગર મોડ્યુલની કામગીરી વધી છે. સમાધાન પખવાડાની સાથે એલએચઓ લેવલે 'આઈ કેમ્પ' રાખવા, સાંસ્કૃતિક પ્રોગ્રામો થઈ રહ્યા છે.



**કાન્તિલાલ પરમાર :** જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમાર દ્વારા તેમના વક્તવ્યમાં જણાવ્યું કે સૌ પ્રથમ SBIPAની સમગ્ર ટીમને બિનહરીફ ચૂંટાવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા. વધુમાં જણાવ્યુ કે નવી ટર્મમાં સૌએ સાથે મળીને સંસ્થાના વિકાસ અને મેમ્બરશીપના કલ્યાણનાં કાર્યોમાં જોડાવાનું છે. SBIPAઅમદાવાદ મોડ્યુલ એ હેડકવાર્ટરની એક્ટિવિટીનો એક હિસ્સો છે. જેથી અમદાવાદ મોડ્યુલની કામગીરીમાં એસબીઆઈપીએના પ્રિન્સીપલ ઓફિસ બેરર સાથે અમદાવાદના કારોબારી મેમ્બર જોડાયેલા છે. સાથે નવી ટીમમાં અમદાવાદના તમામ પેન્શનરોમાં બાકી રહેલ સભ્યોને મેમ્બર બનાવવા માટે કાર્યને મહત્વ આપવાનું છે. વીડીયોબેઝ લાઈફ સર્ટીફીકેટ, હેલ્થ પોલિસી 'બી'માં ૫૦% થી વધારીને ૭૦% સુધીના ટાર્ગેટને એચીવ કરવા માટે કામગીરી કરવાની છે. અમદાવાદમાં પેન્શનરો માટે, કલ્ચરલ એક્ટીવીટી, ગરબાના પ્રોગ્રામ તેમજ સંયુક્ત પ્રવાસ માટે પણ સૌએ સાથે મળીને કામ કરવાનું છે.



**ટ્રેઝરર શ્રી રવિ સોલંકી**એ તેમના સંબોધનમાં જણાવ્યું કે નવી ટીમ તા. ૮-૦૩-૨૦૨૩માં કાર્યરત થઈ. ટીમે હિસાબનું સરવૈયું રજુ કરેલ. તા. ૦૧-૦૪-૨૦૨૩થી આપણાં બધાં હિસાબો કોમ્પ્યુટરમાં લખાય છે. આપણી ટીમ આવ્યા પછી ચાર બેલેન્સશીટ આપણે ટેલીમાં કરી શક્યા. આપણા સી.એ. પણ આપણા કામથી ખુશ છે. તેઓ કહે છે કે સૌથી પહેલાં તમારું કામ આવે છે. ડીજીટલ મોડમાં લઈ જવા માટે આપણાં જનરલ સેક્રેટરીનો ખૂબ ખૂબ આભાર.

નવી ટીમ આવ્યા પછી આઈ.ટી.માંથી આપણે રિફંડ મેળવી રહ્યા છીએ. દરેક વર્ષે ટીડીએસ કપાયો તેનું રિફંડ મળી જાય છે. આપણે સોશ્યલ એક્ટિવીટીમાં કરેલું રૂા. ૭૫૦૦૦/- નું દાન તે આઈ.ટી.માં મળવા પાત્ર છે. સહાયક ટ્રેઝરર શ્રી જગત પટેલ તથા શ્રી હિતેશભાઈ દવેનો ખૂબ જ સહકાર મળે છે.



**જગત પટેલ :** આસિ. ટ્રેઝરર શ્રી જગત પટેલે જણાવ્યું કે સંગઠન જ એક મજબૂત ટીમ બનાવતું હોય છે. એ માટે શ્રી કમાલભાઈને સેલ્યુટ કરવી પડે. ત્રણ વર્ષ પૂરા કર્યા પછી સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયા બદલ અભિનંદન. એકાઉન્ટ્સ બાબતે ટ્રેઝરર શ્રી રવિ સોલંકીનો આભારી રહીશ. મારા ભાગે ઓછું કામ આવે છે. બધા સિનિયર આ રીતે ચલાવે છે. નવા વિઝન બાબતે આપણી સેવાઓને વધુ સારી રીતે કરી શકાય. કમાલભાઈની ઈચ્છા છે કે મારા પેન્શનર્સો વધુ જીવવા જોઈએ. લોકલ લેવલે, એક્ટિવીટી, ગાર્ડન લેવલે પણ એક્ટિવીટી વધારી આપણા જનરલ સેક્રેટરીના સપનાને સાકાર કરીએ.



**સુભાષ પટેલ :** નવા વરાયેલા ઓર્ગેનાઈજીંગ સેક્રેટરીશ્રી સુભાષ પટેલે જણાવ્યું કે રૂટિન કામના પ્રશ્નોના સમાધાન કરીએ, સ્ટાફ રેટ માટે લેટર લખ્યો છે. તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. TDRમાં ૧%માં એક વ્યક્તિ મૃત્યુ પામે તો મેન્યુરીટીએ જ પૈસા મળેછે. તેના માટે કાર્યવાહી કરવા જણાવ્યું.



**કમાલ કાદરી :** જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ સૌને અભિનંદન આપતા જણાવ્યું કે બહોત હી અચ્છે માહોલ મેં ઈલેક્શન હુઆ. સર્વશ્રી ગૌતમ સોની, બી. એલ. રાઠોડ, ક્રિષ્ણાકાંત રાણા, જે. સી. મોદી,

Scanned with OKEN Scanner

અનિલ કુંતાર, મનોજ પંડ્યા જૈસે લોકોને નોમિનેશન વાપિસ લિયા. ઈલેક્શન અચ્છી ટીમ કા રહા. ગાંધીનગર ટીમને ભી સહયોગ દિયા. ઈસ બાર કા ઈલેક્શન યુનીનીમસ હુઆ લેકિન એલએચઓ કી પરમીશન બાકીથી હમે વો ચીઝ રેકોર્ડ મેં લાની થી. ઈસલિયે અમદાવાદ મેં સેલિબ્રેશન નહિ કિયા. મેનેજમેન્ટ્ સે કામ નિકાલને કે લિયે હમારી યુનિટિ જરૂરી હૈ. રીસન્ટલી મેનેજમેન્ટ સે કુછ પાને કે લિયે મહેનત કરની જરૂરી હૈ. હમારી હર મિટીંગ કા રિપોર્ટ સીજીએમ તક પહોંચતા થા. હર જગાપે ઓફિસ દિયા હૈ. હમારે ડીજીએસશ્રી શરદભાઈ હમારે સીજીએમ કો હમારી ઓફિસ મેં લે ગયે થે. પેન્શનર્સ ક્યા હૈ, હમાર રોલ ક્યા હૈ, હમારી જો ફેમિલી હૈ ઉનકી લાઈફ મેં સેકન્ડ ઈનિંગ્સ કલ્ટીવેટ કરને મેં આપકા બડા યોગદાન હૈ. જિતની જ્યાદા એક્ટિવીટી કરોગે ઉતની પેન્શનર્સ કી લાઈફ બઢેગી. હર સાલ બેન્ક કો પેન્શનર્સ મીટ કરની ચાહિયે. અબ કી મેનેજમેન્ટ કો ઉસકે લિયે ૧૯૯૩ કા ડીએમડી કા સરક્યુલર દિખાના પડા. ઉસકે બેઝ પર ફેડરેશનને ભી કોર્પોરેટ સેન્ટર કો સભી સર્કલો મેં, હર એડમિન ઓફિસ મેં પેન્શનર્સ મીટ કરને કે લિયે લિખા હૈ. નઈ ચીઝ શીખને કો મિલે તો શિખના હૈ. કોઈ યોગા ટીચર, કોઈ મ્યુઝિક ટીચર જૈસી ચીજો સે આગે બઢના હૈં. આપ કો ભી જો હોબી હો ઉસ મેં શીખના હૈં. યે સબ પેન્શનરો કે ફિટનેસ કે લિયે કરના હૈં. પેન્શનર્સ પ્રકાશ કી હાર્ડ કોપી ભેજતે હૈં ઉસ મેં એડિટોરીયલ પઢો કૈસે તંદુરસ્ત લાઈફ જી શકોગેં વો આપ કો મિલેગા. ૧૮૦૦૦ પેન્શનરો કો અચ્છી ક્વોલિટી લાઈફ દેના હૈં. હમારી સંસ્થા કે સ્થાપનાં દિન પર રેડક્રોસ કો થેલેસેમિયાં પીડિત બચ્ચોં કો બ્લડ ટ્રાન્સફ્યુઝન કે લિયે હમને રૂા. ૭૫૦૦૦/- દિયે. જિતને ભી હમારે સાથી ઉસ કાર્યક્રમ મેં આયે થે ઉન્હોંને ભી અપના યોગદાન દિયા. જિસકી વજહ સે રકમ દો લાખ કે કરીબ હો ગઈ. અમદાવાદ રેડક્રોસ પૂરા મહિમ ચલા રહા હૈં. રીટાયરમેન્ટ ચહેરે પે નહિ લાના હૈ. બેન્ક પે આશ્રિત નહીં હોના હૈ. હમેં પ્રવૃત્તિ સે રીટાયર્ડ નહિ હોના હૈં. ૧૦૦ સાલ વાલે પેન્શનર્સ કી સંખ્યા ૨૦૦ બનાની હૈં. ૯૦ સાલ કે પેન્શનર કી તાદાત બઢતી જા રહી હૈ. આગેબતાયા કી પૂરે હિન્દુસ્તાન કો અમદાવાદ સર્કલ લીડ કર રહા હૈ. પોઝીટીવીટી કે સાથ ઈન્વોલ્વ હોના હૈં. પેન્શનર્સ કો હેલ્પ કરની હૈં. ઓફિસ મેં જો ભી પેન્શનર્સ આતે હૈં વો ઉમ્મીદ લે કે આતે હૈં. અભી અભી યુનિયન કે સિનિયર લીડર શ્રી કિશોરભાઈ મુન્શી સે મિલને હમ ગયે થે. હમેં દેખકર ઉનકે ચહેરે પે હસી આઈ. હર પેન્શનર કો ખુશ રખના હૈં. રવિભાઈને IT રિફંડ કી બાત કી હર વર્ષ રિફંડ હમે મિલ જાતા હૈં. હમારી સામાજિક એક્ટિવીટી સે રિફંડ મિલતા હૈં. આણંદ મેં માવાણીભાઈ હર મહિને સોશ્યલ એક્ટિવીટી કરતે હૈં. નઈ ટર્મ ૨૦૨૬-૨૯ મેં SBIPA કા નામ સોસાયટી મેં લે જાના હૈં. હમારે કમિટી સદસ્ય શ્રી દારાયુસભાઈને નવસારી, ચીખલી, વલસાડ કે ૪૦ સે ૫૦ ઈંચ બારીસ મેં કામ કિયા. 'બી' પોલિસી વરદાન રૂપ હૈં. ઇસ મેં કામ કરના હૈં. પરક્વીજીટ કે ટેક્ષ કે લિયે હમે આઈડીએફ મેં અધર ઈન્કમ એડ કરની હૈં. પ્રિ-એલસીપીસી ફોર્મ કે લિયે મેનેજમેન્ટે દબાવ કર રહી હૈં, જીસ મેં બેન્ક કો આરબીઆઈ પેનલ્ટી કર રહી હૈં. ૨૮ ફોમ નહિ મિલ રહે હૈ. ઉસ મેં સહયોગ દેના હૈં. પુરાને સાથીઓને યોગદાન દિયા હૈ. રાજકોટ મેં જનાર્દનભાઈ, અનુપમભાઈ, કે. સી. પંડ્યા, ધીરેન માંકડ જો હર ચીજ સે જુડે હુએ હૈં. મફતભાઈ, અશ્વિનભાઈ ઘુઘરીવાલા, પટોલીયાજી, દિપક સરવૈયા, સાથે મેં કુંભારાણા, જામનગર સે. ફેમિલી પેન્શનર્સ કા કામ કરના હૈં. પાંચ મહિને સે મંજુર કિયા હુઆ એક ઈન્ક્રિમેન્ટ ૨૦ વ્યક્તિઓ કા કામ છે મહિને મેં પુરા કરના હૈં. બેન્ક મેં વ્યક્તિગત રિકાર્ડ કી વેલ્યુ હૈં. ભાવનગર ટીમને ૧૩ લોગો કો પેન્શન દિલાયા હૈં. ભાવનગર મેં સે જાગાણીભાઈ, પી. જે. શાહ, રાજુભાઈ સરવૈયા, એલ. સી. બોરડ કા સપોર્ટ મિલ રહાં હૈં. ઈ-એસબીએસ ૨૦૦૮ સે ૨૦૨૬ તક કંઈ ઈસ્યુ હૈં. હમારા રોલ ૧૮૦૦૦ પેન્શનર્સ કો ડિલાઈટ દેના હૈ. ૭૨ કરોડ કી રકમ કા ઈસ્યુ ચલ રહા હૈં. ઈસ્યુ કો સમજને વાલા મેનેજમેન્ટ મેં નહિં. હમ અંત તક પહોંચને કી કોશિશ કર રહે હૈં. સીંગલા કેસ ૨૦૨૬ કે અંત તક રીઝલ્ટ જરૂર સે આયેગા. ૪૦% સે ૫૦% તક વાલે કેસ મેં રીપ્લાય ફાઈલ કર દિયા હૈ. કેસ ચલ રહા હૈં. બેન્ક ભી હર ચીજ કરને કી કોશિષ કર રહૈ હૈં. હર ચીજ કી લડાઈ ચાલુ હૈ. હમારે સર્કલને દુસરા કામ લિયા વો હૈં લીવ એન્કેસમેન્ટ ટેક્ષ માટે જેમણે એપ્લાય કર્યું છે તે ધીરજ રાખે. દોઢથી બે વર્ષ લાગી શકે છે.

તમારી નજીકમાં નિવૃત્ત થતાં કર્મચારીને વણમાગી સલાહ આપવા જજો. મેમ્બરશીપ ફોર્મ અને બીજી બધી વિગતો આપણી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. તેના પેન્શનરને સ્ટાફ રેટ ક્યારે મળે તેની પણ વિગત આપેલ છે. વધુમાં દરેક જણ પોતાનાં ઘરના જીવન સાથીને પોતાની એસેટ જણાવે અને વીલ બનાવે. ડીસેબલ ચાઈલ્ડમાં ઘણું સારૂં કામ થયું છે. નવા નવા કેસ આવી રહ્યાં છે. ૧૧ બાળકો પેન્શન મેળવી રહ્યા છે. આ મહિનામાં ૬ થી ૭ કેસ આવી રહ્યા છે. ઘણા કેસમાં સિવીલ સર્જનના સર્ટીફીકેટ માટે અટવાયા છે. જ્યાં

પણ પેન્શનર્સ મીટ બાકી છે ત્યાં ઝડપથી કરવાની છે. જે પેન્શનર્સ મીટીંગમાં ના આવે તેને ઘેર જઈને પણ ફેસીલેટ કરવા. ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ માટે એચઆરએમએસમાં ફેમિલી ડિટેઈલ, એક પ્રોફાઈલ ફોટો જરૂરી છે. આ કામ પહેલી નવેમ્બર પહેલાં કરીએ તો ૧૦૦% ટાર્ગેટ એચીવ કરી શકાશે. એચઆરએમએસમાં આપણે મદદ કરવાની છે. 'બી' પોલિસીમાં દરેકના ઘરે પહોંચવાનું છે. આ વખતે ૭૦% સુધી પહોંચવાનું છે. જેટલો બેઝ વધેલો હશે તો રૂમ રેન્ટમાં ફાયદો થશે. મેડી આસીસ્ટની મિટીંગ મળી. અમે તેમને પરસ્પર બે-ત્રણ નવી સલાહ આપેલ છે. એપોલો ફાર્મસી બેસ્ટ છે. તેની સાથે વર્ચ્યુઅલ મિટીંગ લઈશું. સૌનો ધન્યવાદ કે બિન હરીફ થવાથી એસોસિયેશનના લગભગ ૧૫ લાખ બચાવ્યા છે. ૪૦% થી ૫૦% અને એક્સગ્રેસીયામાં જેમનું કોન્ટ્રીબ્યુશન બાકી છે. તેમનો સંપર્ક કરી લાવવાનો પ્રયાસ કરવાનો છે. ડિસ્પેન્સરીના પ્રશ્ન બાબતે મેનેજમેન્ટ નવી પોલિસી સાથે આવશે. શ્રી રમેશભાઈ દુસેજાએ TDS બાબતે IDFમાં અન્ય આવક નાખવાના પ્રશ્નની વાત કરી. ટ્રિબ્યુટમાં ચુકવણી અપાવવાની જવાબદારી આપણા સૌની છે. કોઈ પણ ચુકવણી બાકી હોય તો મારા ધ્યાનમાં લાવવી. આપણી તમામ મોડ્યુલ ઓફિસમાં ઈન્ટરનેટ કનેક્શન લેવું. અમદાવાદની મંથલી મિટીંગના ખર્ચા ડોક્ટર / હોસ્પિટલ પાસેથી મેળવીએ છીએ. રાજકોટ, ગાંધીનગર કો-ઓપ્શન માટે કોર કમિટીમાં નિર્ણય લઈશું.

SBIPAની ટર્મ-૨૦૨૬ થી ૨૦૨૯ની ચૂંટણી કરાવવા માટે જે સુંદર અને સરળ કાર્યવાહી કરવામાં આવી અને આખીયે ટીમ યુનાનીમસ થઈ ત્યાં સુધી કાર્યવાહી ઈલેક્શન કમિટી ચેરમેનશ્રી પરાગ બુચ, કમિટીના સદસ્ય સર્વ શ્રી પિયુષ શાહ, દેવાંગ છાયા, ચંદ્રકાન્ત જાજલ અને એસ. એમ. બુખારી એમ પાંચ જણાએ નિર્વિઘ્ને કાર્યવાહી પૂર્ણ કરી. તેમની વિશિષ્ટ કામગીરી માટે તેમનો આભાર પ્રસ્તાવ પસાર કરીએ છીએ. ચૂંટણી દરમ્યાન અન્ય વ્યક્તિએ બેકએન્ડમાં સક્રિય રોલ અદા કર્યો તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.



**એચ. જી. દેસાઈ :** સુરત મોડ્યુલના ડીજીએસનો શ્રી રાજુભાઈ દેસાઈ બહારગામ હોઈ તેમની જગ્યાએ કમિટી સદસ્યશ્રી એચ. જી. દેસાઈએ જણાવ્યું કે કુદરતી આફત આવે ત્યારે ભોગ બનેલા આપણાં પેન્શનર્સ પરિવારના સદસ્યોની મદદ માટે યોગ્ય નિર્ણય કરવા જોઈએ. એ માટે પોલિસી નક્કી કરવી પડે છે. તેમની માંગ જળવાય તે જોવું જોઈએ. નોમિનેશનમાં ઘણું સારૂં કામ થયું છે. મોડ્યુલ લેવલે મિટીંગ કરવામાં રાજુભાઈ સાથે વાત કરી યોગ્ય કરીશું. ડિસ્પેન્સરીના પ્રશ્નો માટે યોગ્ય કરવા વિનંતી. પ્રયત્નો ચાલુ છે. એ પણ જાણીએ છીએ. શ્રી રાજુભાઈ એકદમ સક્રિય છે.



**ભરતભાઈ ભટ્ટ :** બિનહરીફ ચૂંટાવા માટે સૌને અભિનંદન. મારી ત્રીજી ટર્મ છે. ૨૦૨૨થી અત્યાર સુધીમાં ૧૭૭ મેમ્બર બનાવ્યા. દર બુધવારે મિટીંગ તેમજ મંથલી મિટીંગ દર મહિનાના પહેલા શનિવારે કરીએ છીએ. સ્પેશ્યાલીટી તેમજ આયુર્વેદ ડોક્ટરોના લેક્ચર ગોઠવીએ છીએ. મેડીકલ પોલિસી 'બી' માટે શાખાઓમાં કેમ્પેઈન કરીએ છીએ. દિવાળીનું સ્નેહ મિલન કરીએ છીએ. મેલોડી ગ્રુપ શ્રી ચૌહાણ સારા ગીતો ગાય છે. રાસમાં આર્ટીસ્ટ તરીકે રાષ્ટ્રપતિનો એવોર્ડ ગયા વર્ષ માટે મળ્યો. ગયા વર્ષે ભાગવત સપ્તાહ કરી, શિવગાથાનો કાર્યક્રમ કરવા જઈ રહ્યા છીએ. પેન્શનર્સ મીટ માટે કાર્યવાહી ચાલુ છે. જે સપ્ટેમ્બરના અંત સુધી કરીશું. કોઈ ઈસ્યુ પેન્ડીંગ નથી. મિત્રોના સહકારથી કામગીરી કરી રહ્યાં છીએ.



**વસ્તાભાઈ વણકર :** ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ વસ્તાભાઈ વણકરે રિપોર્ટ આપતા જણાવ્યું કે ગાંધીનગર મોડ્યુલની ટીમનાં શ્રી શૈલેષભાઈ, મધુભાઈ, ખમાર, આઈ. જી. પરમાર, વિનુભાઈ પટેલ, સુકન રાજ, દિનેશભાઈ મેવાડા, અજયભાઈ પરમાર, પ્રવિણભાઈ વૈદ્ય વિગેરે ગાંધીનગરની પેન્શનર્સ મીટમાં જે જહેમત ઉઠાવીને સફળતા અપાવી તે માટે તમામને અભિનંદન. નડિયાદમા પેન્શનર્સ મીટ કરી. બાકીના સેન્ટરોમાં પેન્શનર્સ મીટની તૈયારી કરી રહ્યાં છીએ. ગઈ ૧૯મી તારીખે માલપુરમાં પેન્શનર મૃત્યુ પામ્યાના સમાચાર મળ્યા. તેમની ફેમિલી પેન્શન માટે કાર્યવાહી ચાલુ છે. મેમ્બર્સના નાના-મોટા કામો સારી રીતે કરીએ છીએ. ત્રણ વર્ષમાં ટીમનું ઘડતર કરી મેનેજમેન્ટ સાથે ચર્ચા કરીએ છીએ. કોઈ તકલીફ પડતી નથી. મેમ્બરશીપ બનાવવાની વાત થઈ રહી છે. દરેક ડીસ્ટ્રીક્ટમાં ઈસી મેમ્બર છે. રીટાયરમેન્ટના દિવસે શાલથી સન્માન અને SBIPAમાં

આવકારું છું. મારા વિસ્તારમાં આ પ્રમાણે કાર્યવાહી કરૂં છું. ટીમનાં મેમ્બરોનાં સહકારથી મોડ્યુલમાં સારી કામગીરી થઈ રહી છે.



